www.prepp.in

Prepp
Your Personal Exams Guide

| કુલ ગુણ | 150 |
|---|---|

# Maths-Science 2015

| Q. PAPER |
|---|
| 21900701 |
| SEAL SEAL SEAL SEAL |

પરીક્ષાર્થીનો બેઠક ક્રમાંક :

પરીક્ષાનો બ્લોક નંબર :

પરીક્ષાર્થીની સહી : ______________ બ્લોક સુપરવાઇઝરની સહી : ______________

**તમને કહેવામાં ન આવે ત્યાં સુધી પ્રશ્નપુસ્તિકા ખોલવી નહીં.**

પરીક્ષાર્થીને સૂચના :

(1) આ કસોટીપત્રમાં કુલ 150 પ્રશ્નો છે. પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર A, B, C અને D પૈકી કોઇ એક છે. દરેક પ્રશ્ન માટે ચાર વિકલ્પો આપવામાં આવેલ છે. તમારે બધા જ પ્રશ્નોના ઉત્તર આપવાના છે. તમારે આ સાથે અલગ આપેલ ઉત્તરપત્ર **(OMR SHEET)** માં જ ઉત્તર આપવાના છે.
ઉદાહરણ તરીકે :
ગુજરાત રાજ્યનું પાટનગર ક્યું છે ?
(A) અમદાવાદ (B) ગાંધીનગર
(C) વડનગર (D) પાટણ
જવાબવહી **(Answer Sheet)** માં
Ⓐ Ⓑ Ⓒ Ⓓ
ઉપર્યુક્ત ઉદાહરણમાં જવાબ **"B"** છે. આથી **"B"**નું વર્તુળ કાળું (encode) કરેલ છે.
ઉમેદવારોએ જવાબમાં ''ગાંધીનગર'' લખવું નહીં.

(2) પરીક્ષા શરૂ થયેથી પૂરી થાય તે દરમ્યાન પરીક્ષાર્થીએ પરીક્ષાખંડ છોડવાની મનાઇ છે.

(3) પ્રશ્નપત્ર પરીક્ષાર્થીને મળે કે તરત જ ઉત્તરપત્ર (OMR SHEET) માં નિયત કરેલ જગ્યાએ પોતાનો બેઠક નંબર સ્વચ્છ અક્ષરે લખવાનો રહેશે.

(4) પ્રત્યેક સાચા જવાબદીઠ **1** (એક) ગુણ મળવાપાત્ર થશે. છેકછાકવાળા જવાબ તથા એકથી વધારે વિકલ્પમાં આપેલ જવાબના ગુણ મળવાપાત્ર નથી. માઇનસ માર્કીંગ સિસ્ટમ નથી **(No negative marking system)**

(5) ઉત્તરપત્ર (OMR SHEET) માં બ્લોક સુપરવાઇઝરની સહી કરાવી લેવી આવશ્યક છે. બ્લોક સુપરવાઇઝરની સહી વગરનું ઉત્તરપત્ર (OMR SHEET) તપાસવામાં આવશે નહીં.

(6) ઉત્તરપત્ર (OMR SHEET) માં નિશ્ચિત જગ્યા સિવાય પરીક્ષાર્થીએ પોતાનો બેઠક ક્રમાંક લખવો નહીં તથા પોતાની આગવી ઓળખ છતી થાય તેવી નામ સહિતની અન્ય કોઇ પણ પ્રકારની નિશાની કરવાની સખ્ત મનાઇ છે. તેમ છતાં પણ કોઇ પણ નિશાની કે ઓળખ માલૂમ પડશે તો તેને સંપૂર્ણ ગેરશિસ્ત ગણવામાં આવશે અને પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે.

(7) ઉત્તરપત્ર (OMR SHEET) ના પ્રમાણપત્રમાં પરીક્ષાર્થી તથા બ્લોક સુપરવાઇઝર બંનેની સહી ફરજીયાત છે. બંનેની સહી વિનાના ઉત્તરપત્ર (OMR SHEET) વાળા પરીક્ષાર્થી ગેરલાયક ઠરશે.

(8) પરીક્ષા દરમ્યાન પરીક્ષાર્થી પાસેથી કોઇ પણ સાહિત્ય, ગાઇડ, માર્ગદર્શિકા, કાપલી, સ્લીપો, અન્ય હસ્તલિખિત કે પ્રિન્ટેડ સાહિત્ય, મોબાઇલ ફોન, પેજર, કેલ્ક્યુલેટર કે અન્ય વીજાણું ઉપકરણો હોવાનું જણાશે તો પરીક્ષાર્થીને ગેરલાયક ગણવામાં આવશે.

(9) પ્રશ્નપત્રમાં આપેલ વિકલ્પોમાં કોઇપણ પ્રકારની નિશાની કરવી નહીં.

(10) ચાલુ પરીક્ષા દરમ્યાન અંદરોઅંદર વાતચીત કરવી, અવાજ કરવો કે બ્લોક સુપરવાઇઝરની સૂચનાઓનું ઉલ્લંઘન કરવું તે ગેરશિસ્ત ગણાશે.

(11) પરીક્ષાર્થીએ બ્લ્યુ/બ્લેક બોલપોઇન્ટ પેનથી ઉત્તરો લખવાના છે. અન્ય શાહી કે પેન કે પેન્સિલ તથા સફેદ શાહીનો ઉપયોગ કરી શકાશે નહીં તથા સફેદ શાહી **(White Ink)**, બ્લેડ કે રબ્બરથી કે અન્ય કોઇ પણ રીતે કરેલા સુધારા માન્ય ગણાશે નહી.

(12) પ્રશ્નોના જવાબ સંદર્ભે સૌથી વધુ નજીકના વિકલ્પને માન્ય જવાબ ગણવામાં આવશે.
Most appropriate option of question to be considered as final answer.

પરીક્ષા પૂરી થયા બાદ ઉત્તરપત્ર **(OMR SHEET)** બ્લોક સુપરવાઇઝરને પરત કર્યા બાદ જ વર્ગખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્તભંગનાં પગલાં ગણી પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.

www.prepp.in

## SPACE FOR ROUGH WORK



Your Personal Exam Guide

www.prepp.in
Prepp
Your Personal Exams Guide

## વિભાગ-1

1. સણોસરા સ્થિત લોકભારતી સંસ્થાની સ્થાપના કોણે કરી હતી ?
(A) ગીજુભાઇ બધેકા (B) હરભાઇ ત્રિવેદી (C) નાનાભાઇ ભટ્ટ (D) મનુભાઇ પંચોળી

2. "મેં તો સારું જ પેપર લખ્યું હતું પરંતુ મારા સાહેબે બરાબર ચકાસ્યું નહી એટલે ઓછા ગુણ આવ્યા"આ વિધાન કઇ બચાવ પ્રયુક્તિ દર્શાવે છે ?
(A) ક્ષતિપૂર્તિ (B) આક્રમકતા (C) પ્રક્ષેપણ (D) ધ્યાનાકર્ષણ

3. ગુજરાતી માધ્યમની પ્રાથમિક શાળામાં હિન્દી શિક્ષણની શરૂઆર કયા ધોરણથી થાય છે ?
(A) ધોરણ 3 (B) ધોરણ 4 (C) ધોરણ 5 (D) ધોરણ 2

4. ગાંધીજી પ્રેરિત બુનિયાદી શિક્ષણના સિધ્ધાંતોમાં નીચેના પૈકી કોનો સમાવેશ થતો નથી ?
(A) વ્યાવસાયિક શિક્ષણ
(B) મફત અને ફરજીયાત શિક્ષણ
(C) માતૃભાષા દ્વારા શિક્ષણ
(D) સમવાય શિક્ષણ

5. ધોરણ ૨ માં કયાં સુધીનું સંખ્યાજ્ઞાન આપવામાં આવે છે ?
(A) 1 થી 100 સુધી (B) 1 થી 50 સુધી (C) 1 થી 200 સુધી (D) 1 થી 1000 સુધી

6. બાળકને નિબંધ લેખન શીખવવા માટેનું સૌથી અગત્યનું પગથિયું કયું છે ?
(A) અર્થગ્રહણયુક્ત વાચન (B) શ્રુતલેખન (C) સ્વતંત્ર લેખન (D) અનુલેખન

7. એક અબજમાં કેટલાં મીડાં આવે ?
(A) નવ (B) દસ (C) આઠ (D) અગિયાર

8. સદગત નારાયણભાઇ દેસાઇની કઇ કૃતિ ચાર ભાગમાં ગ્રંથસ્થ થઇ છે ?
(A) મારું જીવન એ જ મારી વાણી
(B) અગ્નિકુંડમાં ઉગેલું ગુલાબઝ
(C) ગાંધીકથા
(D) આપણી વિદ્યાપીઠ

9. એસ.એમ.સી. માં નીચેના પૈકી કોણ ફરજીયાત સભ્ય નથી ?
(A) ગ્રામ પંચાયતના સભ્ય
(B) એક સ્થાનિક કેળવણીકર
(C) સરપંચ
(D) બાળકની વાલી

10. "તુંડે તુંડે મતિર્ભિન્ના" કહેવાર કોની સાથે અનુબંધ ધરાવે છે ?
(A) બુધ્ધિ (B) પ્રેરણા (C) વિકાસ (D) વૃધ્ધિ

11. જેમનો બુધ્ધિઆંક 75 થી 90 હોય તે કેવા પ્રકારના બાળકો તરીકે ઓળખાય છે ?
(A) મેધાવી વાળકો
(B) અપવાદરૂપ બાળકો
(C) મંદ બાળકો
(D) ધીમી ગતિએ શીખનાર બાળકો

12. ધીમી ગતિએ શીખનાર બાળકો માટે કઇ પધ્ધતિ આર્શીવાદ રૂપ ગણાય છે ?
(A) નિગમન પધ્ધતિ
(B) આગમન પધ્ધતિ
(C) તર્ક પધ્ધતિ
(D) ગુણાન પધ્ધતિ

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

13. "માનવીની સંપૂર્ણ વ્યક્તિમત્તાનું પ્રગટીકરણ એટલે કેળવણી" કેળવણીની આ વ્યાખ્યા કોણે આપી હતી ?
(A) સર્વપલ્લી રાધાકૃષ્ણન્
(B) સ્વામી વિવેકાનંદ
(C) મહાત્મા ગાંધી
(D) સ્વામી દયાનંદ

14. 21મી સદી ના શિક્ષણ માટેની વિચારણા કરવા ક્યા પંચે કહ્યુ કે - શિક્ષણ એ ભીતરનો ખજાનો છે.
(A) કોઠારી શિક્ષણ પંચ
(B) ડેલોર્સ પંચ
(C) મેકોલે પંચ
(D) રાધાકૃષ્ણન્ પંચ

15. માઇક્રોટીચિંગ એ........
(A) શિક્ષણ પધ્ધતિ છે
(B) તાલીમ પ્રયુક્તિ છે
(C) સંક્ષિપ્ત રજૂઆત છે
(D) અધ્યયન - અધ્યાપન પધ્ધતિ છે

16. વર્ગખંડમાં વિદ્યાર્થીઓ સાથે ચર્ચા વધારે સફળ ત્યારે થશે જો ચર્ચાનો વિષય
(A) રજૂ કરવામાં આવ્યો ન હોય
(B) ચર્ચાની પહેલાં બતાવવામાં આવેલ હોય
(C) રજૂ કર્યા વગર બોર્ડ ઉપર લખવામાં આવેલ હોય
(D) વિદ્યાર્થીઓને અગાઉથી બતાવવામાં આવ્યો હોય

17. શિક્ષણનું મુખ્ય કાર્ય છે
(A) વિદ્યાર્થીઓમાં નિહિત આંતરિક શક્તિઓનો વિકાસ કરવો.
(B) નિર્ધારિત અધ્યયન ઉદ્દેશ્યો પ્રાપ્ત કરવા.
(C) વિદ્યાર્થીઓના વ્યવહારમાં પરિવર્તન લાવવું.
(D) નિર્ધારિત સમયમાં પાઠ્યક્રમ પૂર્ણ કરવો.

18. શીખવું એટલે...
(A) જ્ઞાનપ્રાપ્ત કરવુ
(B) સમસ્યા સમાધાન માટેની યોગ્યતા પ્રાપ્ત કરવી
(C) તાલીમ કે અનુભવો દ્વારા વ્યવહાર સુધારણા
(D) વ્યવહારમાં પરિવર્તન આવવું

19. શિક્ષક-વિદ્યાર્થી વચ્ચેનો સંબંધ કેવો હોવો જોઇએ ?
(A) આત્મીય હોવો જોઇએ
(B) આજીવન હોવો જોઇએ
(C) ગૌરવપ્રદ હોવો જોઇએ
(D) વિદ્યાર્થીના સંપૂર્ણ વિકાસને પોષક હોવો જોઇએ

20. એક શિક્ષક એવું અનુભવે છે કે, તેના વિદ્યાર્થીઓ તેના અધ્યાપન કાર્યથી સંતુષ્ટ નથી આવી પરિસ્થિતિમાં શિક્ષકે શું કરવું જોઇએ ?
(A) વિદ્યાર્થીઓને પ્રાઇવેટ ટ્યૂશન કરવા માટે સલાહ આપવી જોઇએ
(B) શાળાના આચાર્યને મળીને પોતાનું ધોરણ બદલવા માટે વિનંતી કરવી જોઇએ
(C) બીજી જગ્યાએ નોકરી શોધી લેવી જોઇએ
(D) તેણે જાતે રિફ્રેશર કોર્સ કરવો જોઇએ; જેથી તે પોતાના અધ્યાપન કાર્યમાં સુધાર લાવી શકે

21. વિકલાંગ બાળકોના શિક્ષણ માટે એક શિક્ષક તરીકે શું કરવું જોઇએ ?
(A) તે બાળકોને હંમેશાં સહાયતા કરવી
(B) તેવાં બાળકો જાતે કાર્ય કરે તેવું કરવું
(C) તેવાં બાળકો પ્રત્યે દયાભાવ પ્રદર્શિત કરવો
(D) તે બાળકોમાં આત્મવિશ્વાસનો વિકાસ કરવો

www.prepp.in

22. સમાવેશી શિક્ષણ (Inclusive Education) એટલે.....
(A) વિશિષ્ટ યોગ્યતા વાળાં બાળકો માટે અલગ શિક્ષણ વ્યવસ્થા
(B) એક જ શાળા પરિસરમાં સામાન્ય બાળકોની સાથે વિશિષ્ટ સમૂહનાં બાળકોને શિક્ષણ આપવું
(C) એક જ શાળા પરિસરમાં અલગ ધોરણોમાં સામાન્ય બાળકો અને વિશિષ્ટ બાળકો માટે શિક્ષણ વ્યવસ્થા કરવી
(D) ગ્રામીણ વિસ્તારનાં પછાત બાળકો માટે શિક્ષણ વ્યવસ્થા કરવી

23. પ્રાથમિક કક્ષાએ વિદ્યાર્થીઓની શીખવા સંબંધી સમસ્યાઓના નિરાકરણ માટે સર્વશ્રેષ્ઠ પ્રક્રિયા કઇ છે ?
(A) વિદ્યાર્થીઓની ક્ષમતાઓ તથા યોગ્યતારૂપ વિવિધ શિક્ષણ પ્રણાલીઓનો અમલ કરવો.
(B) સરળ અને રોચક પાઠ્યપુસ્તકોનો અમલ કરવો
(C) કહાની વિધિનો અમલ કરવો.
(D) સમયાંતરે કસોટીઓનું આયોજન કરવું.

24. એક બાળકની ગંદી આદત છોડાવવી છે. – આ સંદર્ભમાં નિર્દેશિત સિધાંતો પૈકી ક્યા અધ્યયન સિદ્ધાંતની અનુપ્રયોગ કરવો ઉચિત રહેશે ?
(A) થોર્નડાઇકનો સિદ્ધાંત
(B) પાવલોવનો સિદ્ધાંત
(C) સ્કિનરનો સિદ્ધાંત
(D) લેવિનનો સિદ્ધાંત

25. વિદ્યાર્થીઓને મનોરંજન કાર્યક્રમ યોજવાની ઈચ્છા છે, તો શિક્ષક તરીકે તમે શું કરશો ?
(A) તેઓને કાર્યક્રમનું આયોજન કરી લાવવા જણાવીશ
(B) તેઓના વિચારને આવકારીશ
(C) તેઓને પ્રોત્સાહિત કરીશ
(D) તેઓને યોગ્ય કાર્યક્રમ ઘડવામાં મદદ કરીશ

26. 'યથાશક્તિ'- શબ્દમાં કયો સમાસ રહેલો છે ?
(A) અવ્યવીભાવ
(B) બૂહુવ્રીહી
(C) મધ્યમપદલોપી
(D) કર્મધારય

27. સાચી જોડણી શોધો.
(A) ભ્રુકુટિ
(B) ભ્રૂકુટિ
(C) ભ્રુકૂટિ
(D) ભ્રૂકુટિ

28. 'વાઘ'પ્રાણી માટેનો પર્યાયવાચી શબ્દ શોધો
(A) વ્યાધ્ર
(B) વ્યાઘ્ર
(C) વ્યાંઘ
(D) વર્યાઘ

29. 'આકાશ કુસુમવત'-શબ્દ પ્રયોગ ક્યારે વાપરવામાં આવે છે ?
(A) આકાશમાં વાદળો છવાય ત્યારે
(B) કોઇ વાત માનવા જેવી ન લાગે ત્યારેઝ
(C) કોઇ વ્યક્તિ તટસ્થ રહે ત્યારે
(D) આકાશમાંથી પુષ્પવર્ષા કરવામાં આવે ત્યારે

30. સિન્ધૂર્મિ-શબ્દની સંધિ છોડતા ----- બને
(A) સિન્ધુ+ઊર્મિ
(B) શી+ઉદ્+ર્મિ
(C) સી+ન્ધુ+ઉર્મિ
(D) સિ+ન્ધુર્મિ

www.prepp.in
Prepp
Your Personal Exams Guide

31. તાઓનો ચહેરો નિર્દોષ હતો-વાક્યમાં ક્યા પ્રકારનું વિશેષણ વપરાયું છે ?
(A) ક્રમવાચક (B) દર્શકવાચક (C) પ્રશ્નવાચક (D) ગુણવાચક

32. શૂન્ય પાલનપુરી ઉપનામ ક્યા કવિનું છે ?
(A) બલુચ અલીખાન ઉસ્માનખાન (B) ચંદ્રકાન્ત બક્ષી
(C) અમૃતભાઇ ઘીરૂભાઇ રબારી (D) ઉસ્માદ સૈયદ

33. ખોટી જોડણી શોધો
(A) ઉપેક્ષિત (B) ઓશિયાળાં (C) વૈદેહિ (D) ઊણપ

34. નીચેના માંથી ક્યો શબ્દ અલગ પડે છે ?
(A) અમૃત (B) પીયૂષ (C) સુધા (D) મતિ

35. સોનેટનો ઉદ્ભવ ક્યા દેશમાં થયો હતો ?
(A) અમેરિકા (B) ઇટાલી (C) જાપાન (D) જર્મની

36. શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.-"પહેલાના સમય માં આવી ગયેલું" ?
(A) અભૂતપૂર્વ (B) પુનરાવર્તિત (C) પુરોગામી (D) અનુગામી

37. નીચેના માંથી ક્યા કવિ આખ્યાનકાર તરીકે પ્રખ્યાત છે ?
(A) પ્રેમાનંદ (B) અખો (C) શામળ (D) ભાલણ

38. ક્યા શબ્દજુથમાં શબ્દકોશનો ક્રમ સચવાયેલે છે ?
(A) પક્ષી, પરીક્ષા, પસીનો, પાંખ, પાંચ (B) પરીક્ષા, પસીનો, પક્ષી, પાંખ, પાંચ
(C) પરીક્ષા, પસીનો, પાંચ, પાંખ, પક્ષી (D) પસીનો, પરીક્ષા, પક્ષી, પાંચ, પાંખ

39. **The dishes ____________ being served by Kala to the guests now.**
(A) is being served (B) are being served
(C) were being served (D) are served

40. **You may take away your shoes as they________**
(A) are polished (B) is polished
(C) has been polished (D) have been polished

41. **Rabindranath Tagore was one of the __________ poets of modern India.**
(A) greatest (B) greater (C) great (D) more great

42. **Sudha__________ to her brother that they should visit Abu the following week.**
(A) proposed (B) asked (C) said (D) said to

43. **____________ the terrorist, the police followed him.**
(A) By seeing (B) on seeing (C) seeing (D) see

44. **This is ______ picture _______ caused sensation**
(A) the same ____as (B) the same __ was
(C) such __ that (D) some ___ as

www.prepp.in
Prepp
Your Personal Exams Guide

**45. Children ___________ undue important.**

(A) will give (B) would give
(C) should give (D) should not be given

**46. _____ they ______ their meal before you reached?**

(A) had ____ taken (B) have ____ taken
(C) did ____ take (D) may ____ take

**47. I _________ TV when the telephone rang.**

(A) watched (B) was watching (C) are watching (D) is watching

**48. I'am afraid I'am not hungry. I've ______ eaten lunch.**

(A) yet (B) still (C) already (D) since

**49. Would you like ________ chicken**

(A) any (B) One (C) some (D) none

**50. Find out the correct spelling from the following.**

(A) deficiency (B) deaficiency (C) daficiency (D) deaficiency

**51.** રાજ્ય અને તેના પાટનગરની દૃષ્ટિએ ખોટો વિકલ્પ કયો છે ?

(A) ઉત્તરાખંડ-દેહરાદૂન (B) સિક્કિમ-ગેંગટોક (C) પંજાબ-લુધિયાના (D) ત્રિપુરા-અગરતલા

**52.** ચારધામોમાં ક્યા ધામનો સમાવેશ થયો નથી ?

(A) જગન્નાથપુરી (B) દ્વારકા (C) અયોધ્યા (D) બદ્રીનારાયણ

**53.** કૃતિ અને સાહિત્યકારના સંદર્ભમાં કયું જોડકું ખોટું છે ?

(A) આંગળિયાત-જોસોફ મેકવાન (B) લીલુડી ધરતી-ચુનીલાલ મડિયા
(C) વડવાનલ-કુંદનિકા કાપડિયા (D) ઉપરવાસ-રઘુવીર ચૌધરી

**54.** ભારતનું ભાવિ તેના વર્ગખંડીમાં ઘડાય છે-આ વાક્ય કોનું છે ?

(A) મુદાલિયર પંચ (B) રાધાકૃષ્ણન પંચ
(C) કોઠારી કમિશન (D) યશપાલ સમિતિ

**55.** ગુજરાત વિધાનસભા ભવનનું નામ શું છે ?

(A) વલ્લભભાઇ પટેલ ભવન (B) વિઠ્ઠલભાઇ પટેલ ભવન
(C) મહાત્મા ગાંધી ભવન (D) ઇન્દુલાલ યાજ્ઞિક ભવન

**56.** રાજ્યમાં જિલ્લા ન્યાયધીશ (District Judge) ની નિમણૂક કોણ કરે છે ?

(A) વડી અદાલત (B) રાજ્યપાલ
(C) કાયદા ખાતું (D) એડવોકેટ જનરલ

**57.** રમત અમે ખેલાડીની દૃષ્ટિએ ખોટી જોડ કઇ છે ?

(A) ક્રિકેટ- લાલા અમરનાથ (B) હોકી-ધનરાજ પિલ્લે
(C) શતરંજ-વિશ્વનાથ આનંદ (D) ટેનિસ-પ્રકાશ પદૂકોણ

Prepp
Your Personal Exams Guide

**58.** રાયપુર ક્યા રાજ્યનું પાટનગર છે ?
(A) છત્તીસગઢ (B) મેઘાલય (C) રાજસ્થાન (D) ઝારખંડ

**59.** જનીન વિજ્ઞાનમાં સંશોધન કરી નોબેલ પારિતોષિક મેળવનાર વૈજ્ઞાનિક કોણ છે ?
(A) ડૉ. જયંત નાર્લીકર (B) ડૉ. હરગોવિંદ ખુરાના
(C) ડૉ. પ્રફુલ્લચંદ્ર રોય (D) ડૉ. મેઘનાથ સહા

**60.** વર્ષ 2014-15 દરમિયાન સ્વચ્છ ભારત અભિયાનના અમલીકરણમાં સમગ્ર દેશમાં મોખરાનું સ્થાન પ્રાપ્ત કરનાર રાજ્ય ક્યું છે ?
(A) ઉત્તરપ્રદેશ (B) તમિલનાડુ (C) કેરલ (D) ગુજરાત

**61.** તાજેતરમાં ક્યા દેશમાં મહાત્મા ગાંધીજીની પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું ?
(A) શ્રીલંકા (B) મોરેશિયસ (C) બ્રિટન (D) જાપાન

**62.** તાજેતરમાં ભારતીય વાયુદળને સોંપવામાં આવેલ 'તેજસ' શું છે ?
(A) હેલિકોપ્ટર (B) યુદ્ધવિમાન (C) રડાર (D) મિસાઇલ

**63.** 14 જાન્યુઆરી 2013 ની રોજ સોમવાર હોય તો 15 ઓગસ્ટ, 2013 ના રોજ કયો વાર આવશે ?
(A) મંગળવાર (B) બુધવાર (C) ગુરુવાર (D) શુક્રવાર

**64.** ૨૧ જૂન નીચેના માંથી કોની સાથે સંલગ્ન નથી ?
(A) યોગા દિવસ (B) લાંબામાં લાંબો દિવસ
(C) ફાધર્સ ડે (D) વર્લ્ડ ડાન્સ ડે

**65.** કલમ, કછડી અને પછડી શબ્દો કઇ જાતિ સાથે સંકળાયેલા છે ?
(A) નાગર (B) મેર (C) કાઠી (D) ચારણ

**66.** ચાઇનીઝ વર્ઝન ઓફ ભગવદ ગીતા કયા દિવસે લોન્ચ થઇ હતી ?
(A) 21 જૂન 2014 (B) 17 જૂન 2015
(C) 12 એપ્રિલ 2012 (D) 26 જૂન 2012

**67.** મહાત્મા ગાંધીજીએ ગુજરાતની કઇ લડતને ધર્મયુદ્ધનું નામ આપ્યું હતું ?
(A) ધરાસણા સત્યાગ્રહ (B) બોરસદ સત્યાગ્રહ
(C) બારડોલી સત્યાગ્રહ (D) અમદાવાદ મિલ સત્યાગ્રહ

**68.** ધમાલ નૃત્ય કયા લોકોનું છે ?
(A) મેર (B) પઢાર (C) ચોરવાડ (D) ખારવણ બહેનો

**69.** વોટસન સંગ્રહાયલ કયા આવેલું છે ?
(A) અમદાવાદ (B) ભાવનગર (C) વડોદરા (D) રાજકોટ

**70.** મેરાયો કયા લોકોનું લોકનૃત્ય છે ?
(A) બનાસકાંઠાના વાવ સુઇગામ તાલુકાના ઠાકોરનું (B) સૌરાષ્ટ્રના પટેલોનું
(C) સુરતના જિલ્લાના દુબળા આદિવાસીનું (D) તડવી આદિવાસિઓ

www.prepp.in

71. 2015 માં ભારતીય કટોકટીને કેટલા વર્ષ થયા ?

(A) 20 (B) 40 (C) 30 (D) 45

72. કોને સાપૂતારાની રાણી કહે છે ?

(A) પંચોગની (B) પંચમઢી (C) ઊટી (D) કુલ્લુ-મુનાલી

73. વિશ્વનો સૌથી મોટો બંધ કયો છે ?

(A) હીરાકુંડ (B) ભાખડા નાંગલ

(C) નાગાર્જુન (D) ઉપરમાંથી એક પણ નહી

74. 'સાઇલન્ટ વેલી' કયા રાજ્યમાં આવે છે ?

(A) જમ્મુ-કાશ્મીર (B) મસૂરી (C) કેરલ (D) કર્ણાટક

75. 'બંધારણનો' આત્મા કોને કહેવામાં આવે છે ?

(A) આમુખ (B) પરિશિષ્ટ (C) અનુચ્છેદ (D) કલમો

## વિભાગ-2

76. નીચેના પૈકી કયો ભૌમિતિક સંકેત "ના કરતાં નાનો નથી" એમ દર્શાવે છે?

(A) $x \neq y$ (B) $x = y$

(C) $x < y$ (D) $x \nless y$

77. નીચેની અવર્ગીકૃત માહિતીનો મધ્યસ્થ (M) કેટલો ? 85, 97, 72, 76, 84, 92, 88, 73, 87, 99

(A) 85 (B) 84 (C) 82 (D) 86

78. ગણ A = {$x$ | $x$ એ 2 થી નાની અવિભાજ્ય સંખ્યા નો ગણ} તો ગણ A નો પ્રકાર કયો ?

(A) પૂરકગણ (B) સાન્તગણ

(C) અંનતગણ (D) ખાલીગણ

79. 3 ગાયોની કિંમત, બે ભેંસોની કિંમત જેટલી થાય છે એક ગાય અને એક ભેંસની કિંમત ₹ 20000 થાય છે તો ભેંસની કિંમત કેટલી?

(A) ₹ 15000 (B) ₹ 12000

(C) ₹ 8000 (D) ₹ 10000

80. જો બધીજ કંપનીઓ સ્ટાન્ડર્ડ હોય તો A, B, C, D ચારે કંપનીઓ પૈકી કઈ કંપની ના શેરોમાં રોકાણ સાચું ગણાય?

(A) 11% ના સરભર ભાવના શેરો (B) 8% ના 80 ના ભાવના શેરો

(C) 10% ના 90 ના ભાવના શેરો (D) 12% ના 110 ના ભાવના શેરો

81. –3 અને 7 વચ્ચે કેટલી પૂર્ણ સંખ્યાઓ આવે?

(A) 6 (B) 9 (C) 8 (D) 7



Prepp Your Personal Exams Guide

Prepp
Your Personal Exams Guide

82. એક નળાકાર નો વ્યાસ 14 સે.મી અને ઉંચાઈ 5 સે.મી હોય તો તેનું ઘનફળ કેટલા ઘનસેમી થાય?
(A) 70 (B) 660 (C) 770 (D) 350

83. એક ત્રિકોણનો પાયો 18 સેમી અને તેના પરનો વેધ 20 સેમી છે જો બીજી બાજુ 15 સેમી હોય તો તેના ઉપરાનો વેધ કેટલો થાય?
(A) 22 સે.મી. (B) 25 સે.મી. (C) 24 સે.મી. (D) 30 સે.મી.

84. નીચેનાની કિંમત કેટલી થાય ? $\sqrt{(5)^3 - \sqrt{64} + \sqrt[3]{64}}$
(A) 12 (B) 15 (C) 8 (D) 11

85. $3251 + 587 + 369 - ? = 3007$
(A) 1200 (B) 1250 (C) 1300 (D) 1375

86. નીચે આપેલ અપૂર્ણાંકો પૈકી કયા વિકલ્પના અપૂર્ણાંકો ચડતા ક્રમમાં દર્શાવેલ છે
(A) $\frac{2}{5}, \frac{3}{5}, \frac{1}{3}, \frac{4}{7}, \frac{5}{6}, \frac{6}{7}$ (B) $\frac{1}{3}, \frac{2}{5}, \frac{4}{7}, \frac{3}{5}, \frac{5}{6}, \frac{6}{7}$
(C) $\frac{1}{3}, \frac{2}{5}, \frac{3}{5}, \frac{4}{7}, \frac{5}{6}, \frac{6}{7}$ (D) $\frac{1}{3}, \frac{2}{5}, \frac{3}{5}, \frac{5}{6}, \frac{4}{7}, \frac{6}{7}$

87. બે વર્તુળના ક્ષેત્રફળનો ગુણોતર 4 : 9 છે તો તેમના પરીઘનો ગુણોત્તર કેટલો થાય
(A) 9 : 4 (B) 2 : 3 (C) 3 : 2 (D) 4 : 9

88. ચોરસ અને લંબચોરસનું ક્ષેત્રફળ સરખું છે લંબચોરસની લંબાઈ ચોરસની કોઈ પણ બાજુ કરતાં 5 સે.મી વધુ છે અને પહોળાઈ 3 સે.મી જેટલી ઓછી છે તો લંબચોરસની પરિમિતિ કેટલી થાય
(A) 34 સે.મી. (B) 17 સે.મી. (C) 26 સે.મી. (D) 30 સે.મી.

89. બે સમાંતર રેખાઓની છેદિકાથી બનતા ખૂણાઓ માટે નીચેના પૈકી કયુ સાચું નથી
(A) છેદિકાની એક જ બાજુએ આવેલા અંતઃકોણની પ્રત્યેક જોડના ખૂણાના માપનો સરવાળા $90^0$ થાય છે.
(B) યુગ્મક કોણની પ્રત્યેક જોડના બન્ને ખૂણાઓના માપ સરખા હોય છે.
(C) અનુકોણની પ્રત્યેક જોડના બન્ને ખૂણાઓના માપ સરખા હોય છે.
(D) છેદિકાની એકજ બાજુએ આવેલા અંતઃકોણો ની પ્રત્યેક જોડના ખૂણા એક બીજાના પૂરક હોય છે.

90. એક સંખ્યામાંથી 4 બાદકરીને 6 વડે ભાગતાં 8 મળે જો તે રકમમાંથી 2 બાદ કરીને ૫ વડે ભાગવામાં આવતો નીચેના પૈકી કઈ સંખ્યા મળે
(A) 54 (B) $9\frac{2}{3}$ (C) 10 (D) 45

91. કાટકોણ ત્રિકોણમાં કાટખૂણો સમાવતી બે બાજુઓના માપ અનુક્રમે 8 સે.મી અને 6 સે.મી. છે તો તેની ત્રીજી બાજુનું માપ કેટલું થાય
(A) 8 સે.મી. (B) 14 સે.મી. (C) 12 સે.મી. (D) 10 સે.મી.

92. 125000 સંખ્યાના આધારે તેના ઘનમૂળનો એકમનો અંક કયો હશે.
(A) 1 (B) 0 (C) 2 (D) 5

93. 8019 ને નીચેના પૈકી કઈ સંખ્યા વડે ભાગવાથી તે પૂર્ણ ઘન બને
(A) 5 (B) 3 (C) 11 (D) 7

www.prepp.in

**94.** સંમેય સંખ્યાઓના સરવાળા વિશેનો ગુણધર્મ નથી

(A) ક્રમનો ગુણધર્મ
(B) જૂથનો ગુણધર્મ
(C) તટસ્થ સંખ્યાનું અસ્તિત્વ
(D) વ્યસ્ત સંખ્યાનું અસ્તિત્વ

**95.** $(5^2)^3 \ \underset{-}{?}\ 5^{2^3}$

(A) એકેય નહી
(B) >
(C) <
(D) =

**96.** નીચેના પૈકી કોના વિકર્ણોના માપ સરખા હોય છે?


(A) સમલંબ ચતુષ્કોણ
(B) સમાંતર બાજુ ચતુષ્કોણ
(C) લંબ ચોરસ
(D) સમબાજુ ચતુષ્કોણ

**97.** એક નિયમિત પંચકોણના બધાજ ખૂણાઓનો સરવાળો કેટલા કાટખૂણા થાય ?

(A) 5
(B) 2
(C) 4
(D) 6

**98.** 50 પેનની મૂળકિંમતે 40 પેન વેચતાં તરૂણને કેટલા ટકા નફો થાય?

(A) 25%
(B) 10%
(C) 15%
(D) 20%

**99.** 

બાજુની આકૃતિમાં પ્રશ્નાર્થની જગાએ કેટલા આવશે?

(A) 360
(B) 36
(C) 60
(D) 90

**100.** એક દંપતીને બે પુત્રો છે. નાના પુત્રના જન્મવખતે તેમની ઉંમરનો સરવાળો 60 વર્ષ હતો. હાલ તેમની સરાસરી ઉંમર 20 વર્ષ છે તો 5 વર્ષ પછી નાના પુત્રની ઉંમર કેટલા વર્ષ હશે?

(A) 15
(B) 5
(C) 10
(D) 8

**101.** 12 માણસો દરરોજ 9 કલાક કામ કરે તો તે કામ 20 દિવસમાં પુરુ થાય. તેજ કામ 10 માણસો દરરોજ 12 કલાક કરીને કેટલા દિવસમાં પુરુ કરશે?

(A) 15
(B) 16
(C) 18
(D) 20

**102.** એક ખાલી ટાંકી 4 કલાકમાં ભરાતી હતી પરતું તળિયેથી લીકેજ થવાને કારણે હવે તે ક 4:30 મિ. મા ભરાય છે તો સંપૂર્ણ ભરેલી આ ટાંકી લીકેજ ને કારણે કેટલા સમયમાં ખાલી થશે?

(A) 48 કલાક
(B) 30 કલાક
(C) 36 કલાક
(D) 24 કલાક

**103.** નીચે આપેલા અપૂર્ણાંકો પૈકી સૌથી મોટા અને સૌથી નાના અપૂર્ણાંક નો તફાવત કેટલો? → $\frac{3}{4}, \frac{2}{3}, \frac{4}{5}$ અને $\frac{5}{6}$

(A) $\frac{1}{6}$
(B) $\frac{1}{20}$
(C) $\frac{3}{35}$
(D) $\frac{2}{15}$

**104.** 9 + 19 + 29 + ............... + 99 નો સરવાળો કેટલો થાય ?

(A) 540
(B) 585
(C) 640
(D) 685

**105.** $\frac{5.6^3 + 4.4^3}{5.6^2 - 2.8 \times 8.8 + 4.4^2}$ ની કિંમત કેટલી થાય?

(A) 44.6
(B) 12
(C) 564
(D) 10

106. રોમન લીપીમાં લખાયેલ અંક XXV ને દ્વિઅંકી પધ્ધતિમાં કેવી રીતે લખાય?

(A) $11001_{બે}$ (B) $11011_{બે}$ (C) $10101_{બે}$ (D) $10111_{બે}$

107. એક કાંટાવાળી ઘડિયાળમાં ક 6 : 50 મિ. નો સમય થયો છે બંને કાંટા વચ્ચે કેટલા માપનો ખૂણો થાય?

(A) 105° (B) 90° (C) 100° (D) 95°

108. $\sqrt{25} + \sqrt[3]{125}$ ને કઈ સંખ્યા વડે ગુણવાથી જવાબ 50 આવે?

(A) –5 (B) 10 (C) 5 (D) 20

109. $a + \frac{1}{a} = 2$ હોયતો $a^4 + \frac{1}{a^4}$ ની કિંમત કેટલી થાય?

(A) 2 (B) 16 (C) 8 (D) 4

110. એક રકમનો 10% ના દરે ચક્રવૃધ્ધિ વ્યાજ અને સાદાવ્યાજનો 2 વર્ષનો તફાવત ₹120 થાય તો તે રકમ કઈ?

(A) ₹24000 (B) ₹6000 (C) ₹1200 (D) ₹12000

111. $3x + 4y = 8$ આ સમીકરણનો સાચો ઉકેલ કયો?

(A) $x = 2,\ y = \frac{1}{2}$ (B) $x = \frac{1}{3}, y = 2$ (C) $x = \frac{1}{3},\ y = \frac{1}{2}$ (D) $x = 2, y = 1$

112. એક ચતુષ્કોણના ચારે ખૂણાઓના માપનું પ્રમાણ 3 : 4 : 6 : 5 છે તો સૌથી મોટા અને સૌથીનાના ખૂણાઓના માપનો તફાવત કેટલો થાય ?

(A) 40° (B) 120° (C) 60° (D) 20°

113. $P(x) = 2x^3 - 5x^2 + 7x - 25$ આ બહુપદી ને $x - 3$ વડે ભાગતાં શેષ કેટલી રહે?

(A) 5 (B) 10 (C) 15 (D) 20

114. નીચે આપેલ પૈકી કયો પદાર્થ દહન પોષક કે દહન શીલતાનો ગુણધર્મ ધરાવતો નથી?

(A) $N_2$ (B) $O_2$ (C) $CO_2$ (D) $H_2$

115. નીચેના પૈકી કઈ ધાતુને ચપ્પુ વડે કાપી શકાય છે

(A) સોડિયમ (B) તાંબુ (C) એલ્યુમિનીયમ (D) કાર્બનનો સળિયો

116. રૂધિરના ગાળણાની ક્રિયા કયા અંગમા થાય છે

(A) ત્રણેય (B) મુત્રપિંડ (C) ફેફસાં (D) હૃદય

117. પદાર્થ જે તાપમાને સળગે છે તે તાપમાનને શું કહે છે ?

(A) ક્રાન્તિ બિંદું (B) ગલન બિંદું (C) જવલન બિંદું (D) ઉત્કલન બિંદું

118. નીચેના પૈકી કઈ વસ્તુ વિદ્યુતની સુવાહક છે?

(A) દીવાસળી (B) કાર્બનનો સળિયો (C) લાકડાની પટી (D) રબર

119. જે ઉચ્ચલનમાં ભારનું સ્થાન આધારબિંદુ અને પ્રયત્ન બળની વચ્ચે આવેલ હોય તેવા દ્વિતીય પ્રકારના ઉચ્ચાલનનું ઉદાહરણ નીચેના પૈકી કયું છે

(A) નેઈલ કટર (B) દરજીની કાતર (C) સૂડી (D) સાણસી

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

120. કેલીડો સ્કોપમાં બે અરીસા વચ્ચેનો ખૂણો કેટલા માપનો હોય

(A) 120° (B) 60° (C) 45° (D) 90°

121. હવાનું દબાણ માપવા માટેના સાધનને શું કહે છે?

(A) થર્મોમીટર (B) લેક્ટો મીટર
(C) બેરોમીટર (D) હાઈડ્રો મીટર

122. દેડકો કેવા પ્રકારનું પાણી છે?

(A) ઉભયજીવી (B) ખેચર
(C) જળચર (D) ભૂચર

123. કઈ વનસ્પતિમાં વિસર્પી પ્રકાંડ જોવા મડે છે?

(A) આદું (B) બોગનવેલ
(C) ઘંટોડી (D) દ્રાક્ષ

124. કોઈ પણ કક્ષામાં વધુમાં વધુ કેટલા ઈલેક્ટ્રોન સમાઈ શકે તે શોધવાનું સૂત્ર કયું છે?

(A) $2n^2$ (B) 2n (C) $n^2$ (D) 4n

125. બહિર્ગોળ અરીસા વડે હંમેશા કેવા પ્રકારનું પ્રતિબિંબ મળે છે?

(A) વાસ્તવિક અને નાનું (B) આભાસી અને મોટું
(C) વાસ્તવિક અને મોટું (D) આભાસી અને નાનું

126. જો પદાર્થ પર લાગતા બળ અને તેના સ્થાનાંતર વચ્ચેનો ખૂણો O હોય, તો આ બળ વડે થતુ કાર્ય ?

(A) શોધી શકાય નહિ (B) મહત્તમ હશે
(C) ન્યૂનતમ હશે (D) શૂન્ય હશે

127. એમોનિયાની બનાવટમાં કયો ઉદ્દીપક વપરાય છે?

(A) Fe (B) $Fe_2O_3$ (C) FeO (D) $Fe_3O_4$

128. $H_2SO_4 + 2NaOH \rightarrow Na_2SO_4 + 2H_2O$ સમીકરણમાં ક્ષાર એ કયું સંયોજન છે?

(A) $H_2O$ (B) $H_2SO_4$ (C) $Na_2SO_4$ (D) NaOH

129. વિદ્યુત ઉર્જાનું યાંત્રિક ઉર્જામાં રૂપાંતર કરતું ઉપકરણ કયું છે?

(A) વિદ્યુત મોટર (B) વિદ્યુત જનરેટર
(C) ઈલેક્ટ્રીક બેલ (D) ગેલ્વેનો મીટર

130. ફોર્માલ્ડિહાઈડ સંયોજન માં કયો ક્રિયાશીલ સમૂહનો ઉપયોગ થયેલો છે?

(A) -OH (B) -COOH
(C) >C=O (D) -CHO

131. ચેતાતંત્રની પરાવર્તી ક્રિયા (reflex action) કરાવનાર અવયવ કયો?

(A) કરોડરજ્જુ (B) અગ્ર મગજ
(C) મધ્ય મગજ (D) પશ્ચ મગજ

132. ગોઈટર નામનો રોગ કયા અંતઃસ્ત્રાવ ની ઉણપથી થાય છે?
(A) ટેસ્ટો સ્ટેરોન
(B) ઈન્સ્યુલિન
(C) પેરા થોર્મોન
(D) થાયરોક્સિન

133. કઈ વનસ્પતિમાં કલિકાસર્જન કે પુનઃસર્જનથી પ્રજનન થાય છે?
(A) પ્લાઝમોડિયમ
(B) સ્પાયરોગાયરા
(C) પ્લેનેરિયા
(D) રાઈઝોપસ

134. 40W ની 5 ટયુબલાઈટ 10 કલાક ચાલુ રાખતા કેટલા યુનિટ વિદ્યુત–ઉર્જા વપરાશે?
(A) 4 યુનિટ
(B) 5 યુનિટ
(C) 2 યુનિટ
(D) 3 યુનિટ

135. પૃથ્વી ઉપર સૌથી વધુ પ્રમાણમાં મળી આવતી ધાતુ કઈ છે?
(A) એલ્યુમિનીયમ
(B) સિલ્વર
(C) લોખંડ
(D) તાંબુ

136. મગજના તળિયે કઈ અંતઃસ્ત્રાવી ગ્રંથિ આવેલી છે?
(A) શુક્રપિંડ ગ્રંથિ
(B) એડ્રિનલ ગ્રંથિ
(C) થાઈરોઈડ ગ્રંથિ
(D) પિચ્યુટરી ગ્રંથિ

137. ઈલેક્ટ્રીક સગડી, થર્મોસ, સોલર વોટર હીટર વગેરેમાં કયા ગ્લાસનો ઉપયોગ થાય છે?
(A) ફોટોક્રોમિક ગ્લાસ
(B) ઓપ્ટિકલ ફાઈબર
(C) ગ્લાસવુલ
(D) ટફન ગ્લાસ

138. હોકાયંત્રમાં કયા પ્રકારના ચુબંકનો ઉપયોગ કરવામાં આવે છે?
(A) કંકણાકાર ચુંબક
(B) ગજિયો ચુંબક
(C) સોયાકાર ચુંબક
(D) નળાકાર ચુંબક

139. નીચેના પૈકી કઈ વનસ્પતિ સંવેદનશીલતા ધરાવે છે?
(A) ચમેલીનો છોડ
(B) સૂર્યમુખીનો છોડ
(C) જાસુદનો છોડ
(D) લજામણીનો છોડ

140. પૃથ્વી પરના પાણીમાંની બાષ્પ દ્વારા વાદળ બની તે જ પાણી પૃથ્વી પર પાછુ ફરે છે આ પ્રકિયાને શું કેહવામાં આવે છે?
(A) ઘની ભવન
(B) જળસંચય
(C) જળચક્ર
(D) બાષ્પી ભવન

141. નીચેના પૈકી કયો લંબાઈનો એકમ નથી?
(A) (મીટર)ર
(B) મીટર
(C) કિલોમીટર
(D) પ્રકાશવર્ષ

142. નીચેના પૈકી કઈ વસ્તુ અપાર દર્શક છે?
(A) બહિર્ગોળ લેન્સ
(B) કાચનો લંબઘન
(C) અરીસો
(D) પ્રિઝમ

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

143. પારો કઈ રીતે ગરમ થાય છે?

(A) એકેય નહી
(B) ઉષ્મા નયન
(C) ઉષ્માવિકિરણ
(D) ઉષ્મા વહન

144. નીચેના પૈકી કયા મૂળમાં ખોરાક સંગ્રહ થતો નથી?

(A) ગાજર
(B) બીટ
(C) મૂળા
(D) વડવાઈ

145. જૈવરાસયણિક ક્રિયાઓ માટે કયા વિટામીનની જરૂરીયાત રહે છે?

(A) વિટામીન–'ડી'
(B) વિટામીન–'એ'
(C) વિટામીન–'સી'
(D) વિટામીન–'બી'

146. પાણીને $4^{\circ}$ સેથી $0^{\circ}$ સે સુધી ઠડું પાડતા

(A) કદ વધે છે, ઘનતા વધે છે
(B) કદ ઘટે છે, ઘનતા વધે છે
(C) કદ ઘટે છે, ઘનતા ઘટે છે
(D) કદ વધે છે, ઘનતા ઘટે છે

147. નીચેના પૈકી કઈ અંગિકા દ્વારા પ્રોટીન સંશ્લેષણ કરે છે?

(A) કણાભસૂત્ર
(B) રિબોઝોમ
(C) ગોલ્ગીકાય
(D) લાયસોઝોમ

148. નીચેના પૈકી કઈ અંગિકા પ્રણી કોષમાં છે પરંતુ વનસ્પતિ કોષમાં નથી

(A) તારા કેન્દ્ર
(B) કોષ કેન્દ્ર
(C) કોષરસ
(D) કણાભસૂત્ર

149. રૂધિરના કયા ઘટકો ઓક્સિજન અને કાર્બન ડાયોકસાઈડનું વહન કરે છે

(A) એકેય નહી
(B) ત્રાક કણો
(C) રક્ત કણો
(D) શ્વેત કણો

150. નીચેના પૈકી કયું રાસાયણિક સમીકરણ તટસ્થીકરણની પ્રકિયા દર્શાવે છે

(A) $SO_2+H_2O-H_2SO_3$
(B) $CO_2+H_2O- H_2CO_3$
(C) $Cl_2+H_2-2HCl$
(D) $HCl+NaOH-NaCl+H_2O$

• • •

www.prepp.in

Q. PAPER
21900701
SEAL SEAL SEAL

## SPACE FOR ROUGH WORK

પરીક્ષા પૂરી થયા બાદ ઉત્તરપત્ર (OMR SHEET) ખંડ નિરીક્ષકને ખુલ્લું (કવરમાં મુક્યા વગર) પરત કર્યા બાદ જ પરીક્ષા ખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેલી શિસ્તભંગના પગલાં ગણી પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.